| | | |
|---|---|---|
| તારીખ : | દ્વિતીય સત્રાંત પરીક્ષા | સમય : 3 કલાક |
| ધોરણ – 6 વર્ગ : ________ | વિષય : સામાજિક વિજ્ઞાન | કુલ ગુણ : 80 |
| વિદ્યાર્થીનું નામ : ________________________________ | | રોલ નં. ________ |

**પ્ર.1 નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ શોધીને લખો. (16)**

1. બાળક સિદ્ધાર્થના ગુરુ કોણ હતા ?

   (A) આલારકલામ (B) ચાણક્ય (C) રામાનંદ (D) વિરજાનંદ

2. મહાવીર સ્વામીને કઈ નદીના કિનારે કેવલજ્ઞાન પ્રાપ્ત થયું હતું ?

   (A) ઋજુપાલિક (B) ઋજુસંહિતા (C) મહાપાલિક (D) મહાયાજ્ઞિક

3. ચંદ્રગુપ્તે પોતાનો અંતિમ સમય જૈન મુનિ _______ સાથે મૈસુર શ્રવણ બેલગોડામાં વિતાવ્યો હતો.

   (A) આદિનાથ (B) બાહુબલી (C) ભદ્રબાહુ (D) દિપાકર

4. મૌર્યવંશનાં અંતિમ શાસકનું નામ જણાવો.

   (A) કુણાલ (B) સંપ્રતિ (C) જૈલોક (D) બૃહદ્રથ

5. સિક્કામાં કયા રાજાને વીણા વગાડતો દર્શાવવામાં આવ્યો છે ?

   (A) સમુદ્રગુપ્ત (B) ચંદ્રગુપ્ત બીજો (C) સ્કંદગુપ્ત (D) કુમારગુપ્ત

6. ગુપ્તયુગમાં ઉત્તર ભારતમાં શાની ખેતી થતી ?

   (A) ઘઉં-ચોખા (B) શેરડી-કપાસ (C) દ્રાક્ષ-કેસર (D) સફરજન-કેળાં

7. દક્ષિણ ભારતનાં કયા શહેરમાં ત્રણ સંગમમાં 1600 જેટલા લોકકવિઓએ વીરકાવ્યોની રચના કરી હતી?

   (A) ચેન્નાઇ (B) રામેશ્વરમ્ (C) પુડુચેરી (D) મદુરાઈ

8. એક જ શિલામાંથી કોતરેલું મહાન શિલ્પ એટલે ...

   (A) અજંતાની ગુફાઓ (B) અશોકસ્તંભ (C) એલિફન્ટાની ગુફાઓ (D) ઈલોરાનું શિવ મંદિર

9. GPS એટલે ____________ .

   (A) Global Position System (B) Guard Police Service
   (C) Globe Private System (D) Goods Privacy Service

10. આબોહવાના નકશામાંથી આપણને કઈ માહિતી મળે છે ?

    (A) વરસાદ (B) પવન (C) તાપમાન (D) આપેલ તમામ

11. ભારતનું ક્ષેત્રફળ કેટલું છે ?

    (A) 32.8 લાખ ચો.કિમી (B) 42.6 લાખ ચો.કિમી
    (C) 52.8 લાખ ચો.કિમી (D) 62.6 લાખ ચો.કિમી

12. કયા પ્રકારનાં જંગલો ભારતમાં મોટા ભાગમાં આવેલાં છે ?

    (A) ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો (B) ઉષ્ણ કટિબંધીય પાનખર જંગલો
    (C) પર્વતીય જંગલો (D) મૅન્ગ્રુવ જંગલો

13. બધી જ સરકારો કોના પાયા પર ટકેલી છે ?

    (A) ગ્રામપંચાયત (B) નગરપાલિકા (C) કેન્દ્ર સરકાર (D) રાજ્ય સરકાર

14. ગુજરાતમાં મામલતદારની ભરતી કોના દ્વારા થાય છે ?

(A) U.P.S.C. (B) G.P.S.C. (C) S.S.C. (D) આપેલ તમામ

15. ક્યાંના લોકો સૌથી ઓછી સુવિધાઓનો ઉપયોગ કરે છે ?

(A) ગામડા (B) નગરો (C) શહેરો (D) આપેલ તમામ

16. ચોવીસ કલાક કામ કરતા એકમમાં કેટલી પાળીમાં કામ થાય છે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

**પ્ર.2 (A) નીચે આપેલા પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.(દરેકનો 1 ગુણ) (3)**

1. સમ્યક્ દર્શન કોને કહે છે ?
2. કુમારગુપ્તને કયા બે સ્થાપત્યો માટે યાદ કરવામાં આવે છે ?
3. કોઈ પણ ચાર પુરાણોના નામ જણાવો.

**(B) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (ગમે તે બે) (દરેકના 2 ગુણ) (4)**

1. સિદ્ધાર્થ ગૌતમ બુદ્ધ કહેવાયા, કારણ કે...
2. ગુપ્ત શાસનનો અંત આવ્યો, કારણ કે...
3. હડપ્પીય સભ્યતા સાથે કયા કયા સ્થાપત્યો સંકળાયેલાં છે ?

**(C) ખાલી જગ્યા પૂરો. (3)**

1. બુદ્ધના મત મુજબ સ્ત્રીઓ ___________ અને ___________ થી નિર્વાણ પ્રાપ્ત કરી શકે છે.
2. વર્તમાન સમયમાં ગ્રાન્ડ ટ્રંક રોડ દિલ્લીથી ___________ સુધીના રાષ્ટ્રીય ધોરીમાર્ગથી ઓળખાય છે.
3. ગુપ્ત સમ્રાટો ___________ ધર્મને રાજ્ય ધર્મનો દરજ્જો આપતા.

**(D) નીચે આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં તે લખો. (3)**

1. બુદ્ધને સારનાથમાં જ્ઞાન પ્રાપ્ત થયુ હતું.
2. મૅગેસ્થનિસ દ્વારા 'મુદ્રારાક્ષસ' અને કલ્હણ દ્વારા 'ઈન્ડિકા' ની રચના કરવામાં આવી હતી.
3. ગુપ્ત યુગ દરમિયાન ભારતમાંથી સોનાની અને ચાંદીની નિકાસ થતી.

**(E) નીચે આપેલા પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (3)**

1. ટૂંક નોંધ લખો : ગુપ્તયુગમાં વિજ્ઞાનની સ્થિતિ

**અથવા**

1. ટૂંક નોંધ લખો : પ્રાચીન ભારતનું નગરજીવન

**પ્ર.3 (A) નીચે આપેલા પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.(દરેકનો 1 ગુણ) (3)**

1. નકશો એટલે શું ?
2. હવામાન એટલે શું ?
3. શંકુદ્રુમ વનસ્પતિનાં નામ જણાવો.

**(B) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (ગમે તે બે) (દરેકના 2 ગુણ) (4)**

1. પ્રાકૃતિક અને સાંસ્કૃતિક નકશાનો તફાવત જણાવો.
2. નકશાના બીજા અંગ તરીકે પ્રમાણમાપ વિશે જણાવો.
3. જૈવ આરક્ષિત ક્ષેત્ર વિષે જણાવો.

**(C) ખાલી જગ્યા પૂરો.** **(3)**

1. ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચે ___________ ખૂણો આવેલ છે.
2. નકશામાં વનસ્પતિના પ્રદેશ ___________ રંગથી દર્શાવેલા હોય છે.
3. વનસ્પતિની વિવિધતાના સર્જન માટેનો મુખ્ય આધાર ___________ નું પ્રમાણ છે.

**(D) નીચે આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં તે લખો.** **(3)**

1. દિશાઓ અને મધ્યવર્તી દિશાઓની મદદથી નકશામાં કોઈ પણ સ્થળ શોધી શકાયછે.
2. પાછા ફરતા મોસમી પવનોની ઋતુમાં પવનો જમીન પરથી સમુદ્ર તરફ વાય છે.
3. ગુજરાતનાં દરિયાકિનારે થતાં ચેરના લાકડાનો બળતણ તરીકે ઉપયોગ થાય છે.

**પ્ર.3 (E) નીચે આપેલા પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.** **(3)**

1. ટૂંક નોંધ લખો : ભારતનું સ્થાન

**અથવા**

1. જંગલોથી થતા આર્થિક ફાયદા વિશે લખો.

**પ્ર.4 (A) નીચે આપેલા પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો. (દરેકનો 1 ગુણ)** **(3)**

1. તાલુકા પંચાયતની કોઈપણ બે સમિતિઓનાં નામ જણાવો.
2. મહાનગરપાલિકાના વહીવટી વડા કોને ગણવામાં આવે છે ?
3. ખેત-મજૂરોને મુખ્યત્વે કયા મહિના દરમિયાન કામ મળી રહે છે ?

**(B) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (ગમે તે બે) (દરેકના 2 ગુણ)** **(4)**

1. તલાટી-કમ-મંત્રી કયા-કયા કાર્યો કરે છે ?
2. શહેરમાં લોકો કેવી રીતે જીવનનિર્વાહ કરે છે ?
3. ગ્રામસભામાં કયા કાર્યો થાય છે ?

**(C) ખાલી જગ્યા પૂરો.** **(3)**

1. ગ્રામપંચાયતના કાર્યાલયને ___________ પણ કહે છે.
2. તકરાર નિવારણનો શ્રેષ્ઠ વિકલ્પ એટલે ___________ .
3. ઔદ્યોગિક રોજગારી ___________ માં વધુ મળી રહે છે.

**(D) નીચે આપેલાં વિધાનો ખરાં છે કે ખોટાં તે લખો.** **(3)**

1. તાલુકા પંચાયતની બેઠકો તાલુકાના વસ્તીના આધારે નક્કી થાય છે.
2. ગુજરાતમાં એપ્રિલ-મે મહિનામાં ખેડૂતોને ખેતરમાં કામ હોતું નથી.
3. શહેરમાં રોડ પર હેરકટિંગ સલૂન પણ જોવા મળે છે.

**(E) નીચે આપેલા પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.** **(3)**

1. ગ્રામપંચાયત પંચાયતી રાજમાં સૌથી મહત્ત્વનું એકમ શા માટે છે ?

**અથવા**

1. એક વ્યવસાય સાથે અન્ય વ્યવસાયકાર જોડાયેલા હોય છે, ઉદાહરણ આપી સમજાવો.

**પ્ર.5 (A) નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તૃત જવાબ લખો.(ગમે તે બે)(દરેકના 4 ગુણ)** **(8)**

1. ટૂંક નોંધ લખો : ધર્મપ્રચારક સમ્રાટ અશોક
2. ટૂંક નોંધ લખો : સાંસ્કૃતિક નકશા
3. ટૂંક નોંધ લખો : લોક અદાલત

**(B) યોગ્ય જોડકાં જોડો.** **(4)**

| વિભાગ - અ | વિભાગ - બ |
|---|---|
| (1) મહાવીર સ્વામીનું જન્મસ્થળ | (A) બ્રહ્મચર્ય |
| (2) મહાવીર સ્વામીનો ઉપદેશ | (B) આગમગ્રંથો |
| (3) મહાવીર સ્વામીનું નિર્વાણ | (C) કુંડગ્રામ |
| (4) જૈન સાધુ-સાધ્વીઓનું વ્રત | (D) ત્રિરત્ન સિદ્ધાંત |
| | (E) પાવાપુરી |

**(C) આપેલી વિગતો ભારતના રેખાંકિત નકશામાં યોગ્ય સ્થાને દર્શાવો.** **(4)**

1. રાજસ્થાન
2. ભૂવનેશ્વર
3. બંગાળનો ઉપસાગર
4. મેન્ગ્રુવના જંગલો